પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૬ | ૯ માર્ચ, ૨૦૧૮, શુક્રવાર ; ફાગણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હાલ ૭૮૫૦ ભારતીય વિદેશની જેલોમાં સજા ભોગવે છે

વિદેશની જેલોમાં અત્યારે ૭૮૫૦ ભારતીય નાગરિકો સજા ભોગવી રહ્યા છે. જેમાં સૌથી વધુ ભારતીયો સાઉદી અરેબિયામાં જેલવાસ ભોગવે છે. હાલ ત્યાં ૨૦૦૦ ભારતીય નાગરિકો જેલવાસ ભોગવી રહ્યા છે.

### પેટ્રોલ-ડિઝલ માટે નવી નીતિ ઘડી કાઢશે

નરેન્દ્ર મોદી સરકાર પેટ્રોલ અને ડીઝલ સામે નવી વ્યૂહરચના ઘડી કાઢવાની તૈયારીમાં છે. આ માટે સરકારે જૈવિક ઈંધણના ઉત્પાદનમાં વધારો કરવાનું આયોજન હાથ ધર્યું છે.

### અમેરિકામાં બરફવર્ષા-વાવાઝોડાનો આતંક

અમેરિકાના ઈસ્ટ કોસ્ટમાં એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં બીજી વાર બુધવારે બરફવર્ષા અને વાવાઝોડાંએ દસ્તક દીધી છે. વાવાઝોડાંના કારણે ૨,૭૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

### સેસેક્સમાં ૩૧૮ પોઇન્ટનો સુધારો

શેરબજારમાં છેલ્લા છ સેશનથી ચાલી રહેલી મંદી ઉપર આજે આખરે બ્રેક મુકાઈ હતી. એશિયન શેરબજારમાં તેજી વચ્ચે શેરબજારમાં પણ નવી તેજી જામી હતી. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં બે ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા, સિન્ડિકેટ બેંકના શેરમાં ઉછાળો નોંધાયો હતો.

# ટીડીપીના બંને મંત્રીઓના કેબીનેટમાંથી રાજીનામા

**મોદીની ચંદ્રાબાબુ નાયડૂની સાથે ફોન પર મંત્રણા : એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાતના એક દિવસ બાદ ચર્ચા : આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાની માંગણીને ફગાવી દીધા બાદ ટીડીપી દ્વારા છેડો ફાડ્યો**

નવીદિલ્હી, તા. ૮

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાને લઈને દેશની



રાજનીતિમાં ગરમી આવી ગઈ છે. ટીડીપી દ્વારા એનડીએ સાથે છેડો ફાડી લીધાના એક દિવસ બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ સાથે ફોન પર વાત કરી હતી. જુદા જુદા વિષયો ઉપર અને ખાસ કરીને આંધ્રને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાના મુદ્દા પર ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યું છે. આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાની ટીડીપીની માંગને ફગાવી દીધા બાદ કેન્દ્રીય કેબિનેટમાંથી તેમની પાર્ટીના બે પ્રધાનો રાજીનામુ પણ આપી ચુક્યા છે. બંને વચ્ચે વિસ્તારપૂર્વક વાતચીત થઈ હતી. ટીડીપીના બે પ્રધાનો અશોક ગજપતિ રાજુ અને વાયએસ ચૌધરીને રાજીનામુ આપી દેવા માટે કહેવામાં આવી ચુક્યું છે. આજે સાંજ આ બંને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. ચંદ્રબાબુ નાયડુએ ભાજપના પ્રધાનોના રાજીનામાના સમાચાર બાદ રાજ્ય વિધાનસભામાં આજે કહ્યું હતું કે, કેન્દ્રીય કેબિનેટમાં અમારા પ્રધાનો અને અમારી કેબિનેટમાં ભાજપના પ્રધાનોએ રાજીનામા આપી દીધા છે. જો કે, આ પ્રધાનો રાજ્યમાં ખુબ સારી કામગીરી કરી રહ્યા હતા. તેમના વિભાગોમાં નોંધપાત્ર સુધારા લાવવામાં આવ્યા હતા. તેમની સેવા માટે અમે તેમનો આભાર માનીએ છીએ. રાજીનામાનો સિલસિલો જારી રહ્યો છે. આંધ્રપ્રદેશને ખાસ રાજયનો દરજ્જો આપવાના મુદ્દે ભાજપ અને ટીડીપી વચ્ચે જારી ખેંચતાણ વચ્ચે રાજીનામાનો દોર ચાલી રહ્યો છે. ટીડીપીના વડા અને આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુએ બુધવારના દિવસે એનડીએ સાથે છેડો ફાડી લેવાની જાહેરાત કર્યા બાદ હવે બંને આમને સામને આવી ગયા છે. આજે અમરાવતીમાં મુખ્યપ્રધાન કચેરી પહોંચીને ભાજપના ક્વોટાના બે પ્રધાનોએ આંધ્રપ્રદેશ કેબિનેટમાંથી રાજીનામા આપી દીધા હતા. નાયડુ સરકારમાંથી બહાર નિકળી જવાની જાહેરાત કરીને બન્ને પ્રધાનોએ તેમના

● અનુસંધાન પાન-૭ પર


## મોદી સમક્ષ ૨૯ વખત મદદ માટે રજૂઆત કરાઈ : નાયડુ

**આંધ્રને લઇને અપાયેલા ૧૯ વચનો પળાયા નથી : પૂર્વોત્તર રાજ્યોને લઇને મજબૂતી સાથે કામ થઇ રહ્યું છે પરંતુ આંધ્રની સાથે ભેદભાવ : ચંદ્રાબાબુ નાયડુ**

નવીદિલ્હી,તા. ૮

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાના મુદ્દે રાજકીય ગરમી વધી ગઈ છે. રાજ્યમાં ચંદ્રાબાબુ નાયડુ સરકારમાંથી ભાજપના બે પ્રધાનોએ રાજીનામા આપી દીધા છે. નાયડુએ આજે રાજ્ય વિધાનસભામાં વાત કરતા કહ્યું હતું કે, મોદી સરકાર સાથે અલગ થવાના નિર્ણયને લઈને કોઈ દુવિધા નથી. બિલકુલ યોગ્ય નિર્ણય લેવામાં

● અનુસંધાન પાન-૭ પર



## ફારુક ટકલા દાઉદનો જમણા હાથ તરીકે રહ્યો છે

મુંબઈ,તા. ૮

ફારુક ટકલાની ધરપકડ બાદ અનેક નવી વિગતો સપાટી ઉપર આવી શકે છે. અનેક રાજ ખુલી શકે છે. ટકલાને ડોન દાઉદના જમણા હાથ તરીકે ગણવામાં આવે છે. તેની પાસેથી દાઉદ અંગે પણ માહિતી મળી શકે છે. દુબઈમાં ડી કંપનીની કામગીરી ફારુક ટકલો સંભાળી રહ્યો હતો. દુબઈમાં રહીને ફારુક મોટાભાગે ડી કંપનીની અન્ય તમામ જવાબદારી સંભાળી રહ્યો હતો. અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના સૌથી વિશ્વસનીય સાથી તરીકે તેને ગણવામાં આવે છે. ઈન્ટરપોલ મુજબ ફારુક ટકલા ઉપર અપરાધિક કાવતરા, હત્યા, હત્યાના પ્રયાસ, ખતરનાક હથિયારો રાખવા સહિતના આરોપો છે.

# દાઉદના સાગરિતને મુંબઈ લવાયો



મુંબઈ,તા. ૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર મુંબઈ સિરિયલ બોમ્બ બાદ આખરે તેને આજે દુબઈથી ભારત લાવવામાં આવ્યો છે. તેને દુબઈથી મુંબઈ લાવવામાં આવ્યા ધરપકડ બાદ સીબીઆઈને ફારુક પાસેથી કેટલીક મહત્વપૂર્ણ માહિતી મળી શકે છે. ટકલાને ભારત

**મુંબઈ બ્લાસ્ટનો આરોપી ૨૫ વર્ષ બાદ અંતે સીબીઆઈના સકંજામાં : ઇન્ટરપોલે ૧૯૯૫માં ફારૂક ટકલા સામે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી દુબઈમાં ઝડપાયા બાદ ભારત લવાયો : ટકલાને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ ઉપર લેવાયો**

બ્લાસ્ટના આરોપી દાઉદ ઈબ્રાહિમના નજીકના સાગરીતની દુબઈમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ પુછપરછ હાથ ધરવામાં આવી છે. કેટલાક લોકો તેને દાઉદના જમણા હાથ તરીકે ગણે છે. તેની લાવવામાં આવ્યા બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## એરઈન્ડિયામાં હિસ્સો વેચવા બીડ આમંત્રિત કરવા હિલચાલ

**૮.૫ અબજ ડોલરના કેરિયરના જંગી દેવાને લઇને હજુ સુધી કોઇ નિર્ણય કરવામાં આવ્યો નથી**



હૈદરાબાદ,તા. ૮

નાગરિક ઉડ્ડયન સચિવ રાજીવ ચૌબે દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, સરકાર આગામી થોડાક સપ્તાહમાં એર ઈન્ડિયામાં તેની હિસ્સેદારીને વેચવા માટે બીડને આમંત્રિત કરશે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટે હિસ્સેદારી વેચવા માટેની યોજનાને સૈદ્ધાંતિક મંજુરી આપી દીધી છે. સરકારે તાજેતરના વર્ષોમાં અબજો ડોલરનો ખર્ચ એર ઈન્ડિયામાં કરવામાં આવ્યો છે પરંતુ કોઈ વધારે ફાયદો થયો નથી. ૮.૫ અબજ ડોલરના એર ઈન્ડિયાના જંગી દેવાના સંદર્ભમાં શુ કરવામાં આવશે તે સંદર્ભમાં હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. લો કોસ્ટ ઈન્ડિયન કેરિયર ઈન્ડિગો દ્વારા પણ એર ઈન્ડિયાના બિઝનેસ કારોબારમાં અગાઉ રસ દર્શાવવામાં આવ્યો હતો. ઈન્ટરગ્લોબ એવિએશન, તાતા ગ્રુપ અને તુર્કીની સેલેબી એવિએશન હોલ્ડિંગ દ્વારા પણ આમા રસ દર્શાવવામાં આવી ચુક્યો છે. એર ઈન્ડિયાના બિઝનેસ પૈકી કેટલાક કારોબારને ખરીદી લેવા માટે સક્રિય રસ દર્શાવવામાં આવી ચુક્યો છે. જાન્યુઆરી મહિનામાં જ ભારત સરકારે એરઈન્ડિયામાં ૪૯ ટકા સુધીની હિસ્સેદારીને વેચવા માટે વિદેશી મૂડી રોકાણકારોને મંજુરી આપવાની દરખાસ્તને લીલીઝંડી આપી હતી.

## મૂર્તિ તોડનો ઉપદ્રવ કેરળ પહોંચ્યો

કન્નૂર,તા.૮

ત્રિપુરામાં લેનિનની, તામિલનાડુમાં પેરિયારની, કોલકાતામાં શ્યામાપ્રસાદ મુખરજીની મૂર્તિ તોડવાની ઘટનાઓ બાદ હજુ પણ દેશના અલગ અલગ ભાગોમાં મૂર્તિ તોડવાની રાજનીતિનો ઉપદ્રવ અટકયો નથી. આજે કેરળના કન્નુરમાં કેટલાંક તત્ત્વોએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની મૂર્તિ તોડીને નુકસાન પહોંચાડયાનો મામલો સામે આવ્યો છે.

કન્નુરમાં થાલીપરમ્બા વિસ્તારમાં કેટલાક અજાણ્યા શખ્સોએ મહાત્મા ગાંધીજીનાં ચશ્માં તોડી નાખ્યાં હતાં. મૂર્તિ તોડયા બાદ ઉપદ્રવીઓ ફરાર થઈ ગયા હતા. સ્થાનિક પોલીસ આ ઘટનામાં તપાસ કરી રહી છે.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

On the Occasion of MARRIAGE, Hastashilpi presents
Opening Tomorrow
હસ્તશિલ્પી
સિલ્કઇન્ડિયા 2018
10 Days Only
Exhibition cum sale of silk products across the country
Fortune Inn Haveli Imperial Hall
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 9th to 18th March 2018
Time 10.30 am to 8.30 pm
પ્રદર્શિત થનારા ઉત્પાદનો : બિહાર: ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ, કર્ણાટક: ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ, તામિલનાડુ: કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ, આંધ્ર પ્રદેશ: ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ, ઉત્તર પ્રદેશ: મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક, મહારાષ્ટ્ર: ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ, પંજાબ: પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ, ઓરિસ્સા: સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન, છત્તીસગઢ: વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા, મધ્ય પ્રદેશ: મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ, પશ્ચિમ બંગાળ: બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી, આસામ: મુગા અને એરી સિલ્ક સાડીઓ, જમ્મુ-કાશ્મીર: ચિનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ, રાજસ્થાન: કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી, ગુજરાત: બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...
Entry Free | All Credit & Debit Cards Accepted | Contact : +91 - 85534 16929 / +91 - 97560 25995
(Registered with O/o D C (H), Ministry of Textiles,) Govt. of India
Organised by : hastashilpi

## શ્રદ્ધાંજલિ



**સ્વ. સેમ્યુઅલ ક્રિશ્ચિયન**

સ્વર્ગવાસ તારીખ : ૨૮/૨/૨૦૧૮

દિવસો આવતા રહેશે અને જતા રહેશે.
તમારી કલ્પી ન શકાય તેવી ચિર વિદાયની અમોને કાયમી ખોટ પડશે.
ખીલી હતી વસંત ત્યાં અચાનક પાનખર પથરાઈ ગઈ.
જીવનની જ્યોતઝબુકીને બુઝાઈ ગઈ
તમારા દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

અમારા સૌની પ્રાર્થના....

**ધ એક્ષ ઝેવેરાઈટસ એસોસિએશન, ગાંધીનગર (TEXA-G)**

| | |
|---|---|
| સુકેતુ મહેતા | કૈરવ દેસાઈ |
| કેદાર થાનકી | સંદિપ શાહ |
| કિન્નર ઝવેરી | જયદવે |
| રાજુ જોષી | વત્સલ વોરા |
| સુનિલ જોષી | રૈવત વેદ |
| પારૂલ મેકવાન | બેલા ઠક્કર |
| નફીઝા ખલીલ | પિનાકીન ઠક્કર |
| સંજય બી. શાહ | સ્વપ્નિલ ખમાર |
| રાજેશ પરમાર (USA) | ઉર્મિલ વેદ |